અપીલ અરજી નં.૨૭૫ તા.૩૦–૧૨–૦૮

અરજદારઃ શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દહેરાસર
સામાવાળાઃડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ

# ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દહેરાસરની તા.૧૫–૯–૦૮ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૫૭૫–૭૬,૧૫૮૯ ,૧૫૯૩ , ૧૫૯૪–૯૫ ,૯૭,૯૮,૯૯ તથા ૧૬૦૦–૦૧ વાળી મિલ્કતની રસ્તા રેખામાં કપાત જતી જમીનના વળતર બાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૫/૨૦૦૮–૦૯

શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી જૈન દહેરાસરની તા.૧૫–૯–૦૮ની અરજીથી વોર્ડ નં.૧૨ નોંધ નં.૧૫૭૫–૭૬,૧૫૮૯,૧૫૯૩,૧ ૫૯૪–૯૫,૯૭,૯૮,૯૯ તથા ૧૬૦૦–૦૧ વાળી મિલ્કતની રસ્તા રેખામાં કપાત જતી જમીનના વળતર બાબતે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૭ તા.૨–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન) તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/ઈન.૨૯૮ તા.૯–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે જે અંગે પૂરક માહિતી માટે પત્ર ટાઉન પ્લાનર પ્રતિ તા.૫–૧–૦૯ ના રોજ મોકલવામાં આવેલ છે. તથા અરજદાર તરફથી તા.૧૩–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે જેમાં સદર વિગત ટાઉન પ્લાનીંગ વિભાગને સબંધિત છે તેવું જણાવેલ છે. ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીપીડી/૬૭૬૩ તા.૧૯–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ માહિતીમાં "અરજદારે આઈ ડી. નં.૬૫૮ તા.૧ ૬–૯–૦૮ ના રોજની અરજી અરજદારશ્રીએ માહિતી માંગેલ નથી. જેથી અરજદારશ્રીને અત્રેથી કોઈ માહિતી/પ્રત્યુત્તર આપેલ નથી." તેવું જણાવે છે. અરજદારે મુળ અરજીમાં તા.૫–૭–૨૦૦૦ ના પત્ર મુજબ આવતી જમીનના વળતર માટે વર્ષો થયા છતાં જવાબ આપવામાં આવતો નથી કે વળતર પણ આપવામાં આવતું નથી તેવી રજુઆત કરેલ છે. પરંતુ ચોકકસ કઈ માહિતી જોઈએ છે તે અંગે કોઈ ઉલ્લેખ કરેલ નથી. અરજદારે મુળ અરજીમાં તેમના તા.૫–૭–૨૦૦૦ ના પત્રના સંદર્ભે જણાવે છે. જયારે અત્રે મોકલેલ અપીલ સાથેના કાગળોમાં તા.૫–૩–૨૦૦૦ ના પત્રની નકલ મોકલવા સાથે તા.૧૪–૮–૨૦૦૦, તા.૪–૨–૦૩,તા.૪–૨–૦૪ તા.૧૮–૩–૦૪,તા.૭–૫–૦૪ તા.૩–૬–૦૪ તા.૧૫–૭–૦૪ ના સ્મૃતિપત્રો બીડેલ છે. અરજદારના પત્રોની વિગત જોતાં રસ્તા રેખામાં આવેલ મિલ્કતના ભાગ સબબ વળતર મેળવવાની રજુઆત જણાય છે. જે કાર્યવાહીના નિકાલને સ્પર્શતી જણાય છે. અરજદારે મુળ અરજીના તબકકે પ્રશ્ન પડતર હોવાનું સૂચવતા જણાયેલ છે. પરંતુ કઈ અને શું માહિતી જોઈએ છે તે અંગે સ્પષ્ટ નથી. જયારે અપીલના તબકકે તે બાબતે માહિતી આપવા ઉલ્લેખ કરેલ છે.

અરજદારે નિયત નમુના 'ક' માં અરજી કરેલ છે તેમજ નિયત ફી રૂ.૨૦/– રસીદ નં.૨૩૮૫૯૫ અરજી માહિતી અધિકારના અધિનિયમ હેઠળ થયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ અને જોગવાઈ અનુસાર આવી અરજીનો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ એકટની કલમ–૭(૧) અન્વયે માહિતી પૂરી પાડવાની રહે છે. કે કલમ–૮(૯) પૈકીના અપવાદ હેઠળ કારણો જણાવી ઈન્કાર કરવાનો રહે છ તેવી કોઈ નિકાલની પ્રક્રિયા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી થયેલ જણાતી નથી. કાયદાની કલમ–૫(૩) હેઠળ માહિતી માંગતી વ્યકિતઓની વિનંતી અંગે તજવીજ કરવાનું તથા તેમને વ્યાજબી સહાય કરવાનું ઉત્તરદાયિત્વ જાહેર માહિતી અધિકારી ઉપર લાદેલ છે. કાયદાના આમુખ હેઠળ નાગરિકોને માહિતી ઉપલબ્ધ કરાવવા વ્યવહારું વ્યવસ્થાપન તંત્રની રચના કરવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએ આવી કોઈ માહિતી કે ઈન્કાર પ્રત્યુત્તર અરજદારને પાઠવેલ ન હોય આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ યોગ્ય માહિતી પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉનપ્લાનીંગ) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનીલ જે. શ્રોફ